ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિત્વનો કેટલાંક ચલોના સંદર્ભમાં અભ્યાસ

# A Study of Multiple Intelligence of Secondary School Students in Context to Certain Variables

સંશોધક
અમી.વી.આચાર્ય
પીએચ.ડી. સ્કોલર
ગુજરાત યુનિવર્સિટી

માર્ગદર્શક
ડૉ.જલ્પા એચ.ગજ્જર
આસિસ્ટન્સ પ્રોફેસર,
શ્રીમતી એમ.એન.કે.દલાલ કોલેજ ઓફ એજ્યુકેશન ફોર વુમન,
અમદાવાદ.

**1.** પ્રસ્તાવના

વર્તમાન યુગમાં જ્યારે જ્ઞાનનો વ્યાપ સતત વધી રહ્યો છે ત્યારે વ્યક્તિએ સતત તે જ્ઞાનથી અવગત રહેવું જરૂરી બને છે. વ્યક્તિ આ જ્ઞાન લેવા માટે તથા નવા જ્ઞાનનું સર્જન કરવા માટે પોતાનામાં સંચિત બુદ્ધિનો ઉપયોગ કરે છે. આ બુદ્ધિની મદદથી તે નવા જ્ઞાનનું નિર્માણ કરે છે તથા નવા જ્ઞાનને અર્જીત કરે છે. આમ વ્યક્તિની બુદ્ધિ એ તેની પ્રગતિમાં ખૂબ અગત્યનું પાસુ બની રહે છે. તેથી વર્તમાન યુગમાં વ્યક્તિ માત્ર એક જ ક્ષેત્રમાં તેની બુદ્ધિનો ઉપયોગ કરે તે મર્યાદિત નથી પણ દરેક ક્ષેત્રનું જ્ઞાન મેળવવા તેની બુદ્ધિનો ઉપયોગ કરે તે ખૂબ જ અગત્યનું બની રહે છે. આમ દરેક ક્ષેત્રમાં વ્યક્તિ જ્ઞાન ધરાવતો હોય તો તેને બહુવિધ બુદ્ધિત્વ (Multiple Intelligence) તરીકે ઓળખવામાં આવે છે.

હાલની પરિસ્થિતિમાં સતત બદલાતા જતા વિશ્વ સાથે ટકી રહેવા માટે બહુવિધ બુદ્ધિત્વ હોવું જરૂરી બને છે. તેથી હાલમાં માધ્યમિક શાળા કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કેટલા પ્રમાણમાં બહુવિધ બુદ્ધિત્વ ધરાવે છે તેનો અભ્યાસ કરવાના ભાગરૂપે તથા તેમના બહુવિધ બુદ્ધિત્વ પર તેમની સામાન્ય બુદ્ધિ અને શૈક્ષણિક સિદ્ધિ કેટલા પ્રમાણમાં અસર કરે છે તે જાણવાનાં ભાગરૂપે સંશોધન કર્તાએ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના બહુવિધ બુદ્ધિત્વનો કેટલાંક ચલોના સંદર્ભમાં અભ્યાસ હાથ ધરવાની વિચારણા કરવામાં આવી છે.

**2.** પારિભાષિક શબ્દો : માધ્યમિક શાળા, બહુવિધ બુદ્ધિત્વ

**3.** અભ્યાસના હેતુઓ :

આ અભ્યાસ માટે પણ કેટલાંક હેતુઓ નક્કી કરવામાં આવ્યાં છે જે નીચે મુજબ છે.

1. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનું બહુવિધ બુદ્ધિત્વ જાણવી.
2. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિત્વ જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
3. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિત્વ વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**4.** અભ્યાસના ચલો

પ્રસ્તુત અભ્યાસ માટે નીચે મુજબના ચલોની પસંદગી કરવામાં આવી હતી.

| | | | |
|---|---|---|---|
| અ. જાતિ | : | ૧. છોકરા | ૨. છોકરીઓ |
| બ. વિસ્તાર | : | ૧ પૂર્વ | ૨. પશ્ચિમ |

**5.** ઉત્કલ્પનાઓ

$Ho_1$ છોકરા અને છોકરીઓની બહુવિધ બુદ્ધિત્વ કસોટીના પ્રાપ્તાંકોની સરેરાશ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ પૂર્વ વિસ્તાર અને પશ્ચિમ વિસ્તારના વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિત્વ કસોટીના પ્રાપ્તાંકોની સરેરાશ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ પૂર્વ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની બહુવિધ બુદ્ધિત્વ કસોટીના પ્રાપ્તાંકોની સરેરાશ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$ પશ્ચિમ વિસ્તારના છોકરાઓ અને છોકરીઓની બહુવિધ બુદ્ધિત્વ કસોટીના પ્રાપ્તાંકોની સરેરાશ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**6.** વ્યાપવિશ્વ અને નિદર્શ

પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ શહેરની માધ્યમિક શાળાઓ અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતું.

અમદાવાદ શહેરની પૂર્વ વિસ્તાર અને પશ્ચિમ વિસ્તારના માધ્યમિક શાળાઓમાંથી સ્તરીકૃત યાદચ્છિક અને ઝૂમખા પદ્ધતિની રીતથી કુલ 200 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

**7.** સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ માટે ‘સર્વેક્ષણ પદ્ધતિ’ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

VIDHYAYANA

**8.** સંશોધન ઉપકરણ

સંશોધન ઉપકરણ તરીકે સ્વ-રચિત બહુવિધ બુદ્ધિત્વ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યાં હતો.

**9.** માહિતીનું વિશ્લેષણ :

સારણી - 1
જાતિ અને વિસ્તાર મુજબ પ્રાપ્તાંકોનો મધ્યક,
પ્રમાણિત વિચલન અને ‘t’-મૂલ્ય

| ચલ | જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | પ્રમાણભૂલ | ‘t’-મૂલ્ય |
|---|---|---|---|---|---|---|
| જાતિ | છોકરાઓ | 100 | 58.22 | 7.22 | 1.07 | 2.40 |
| | છોકરીઓ | 100 | 60.78 | 7.88 | | |
| વિસ્તાર | પૂર્વ | 100 | 57.22 | 7.10 | 0.99 | 2.01 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પશ્ચિમ | 100 | 59.22 | 6.97 | | |
| પૂર્વ વિસ્તાર | છોકરાઓ | 50 | 55.78 | 7.56 | 1.43 | 1.09 |
| | છોકરીઓ | 50 | 54.22 | 6.75 | | |
| પશ્ચિમ વિસ્તાર | છોકરાઓ | 50 | 57.25 | 7.10 | 1.48 | 1.97 |
| | છોકરીઓ | 50 | 54.33 | 7.69 | | |

**10.** ઉત્કલ્પના સંબંધિત તારણો

1. છોકરાઓની તુલનામાં છોકરીઓમાં બહુવિધ બુદ્ધિત્વનું પ્રમાણ વધુ હતું.
2. પૂર્વ વિસ્તારની તુલનામાં પશ્ચિમ વિસ્તારના વિદ્યાર્થીઓમાં બહુવિધ બુદ્ધિત્વનું પ્રમાણ વધુ હતું.
3. પૂર્વ વિસ્તારના છોકરાઓ અને છેકરીઓમાં બહુવિધ બુદ્ધિત્વમાં તફાવત જણાયો ન હતો.
4. પશ્ચિમ વિસ્તારના વિદ્યાર્થીઓની તુલનામાં પૂર્વ વિસ્તારના વિદ્યાર્થીઓમાં બહુવિધ બુદ્ધિત્વનું પ્રમાણ વધુ હતું.

**11.** ઉપસંહાર

પ્રસ્તુત સંશોધન માધ્યમિક શાળાઓ વિદ્યાર્થીઓની બહુવિધ બુદ્ધિત્વનો કેટલાંક ચલોના સંદર્ભમાં હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં બહુવિધ બુદ્ધિત્વ પર જાતિ અને વિસ્તારની અસર જોવા મળી હતી.

## સંદર્ભસૂચિ

Borg, and other, (1983) : Educational Research - An Introduction. New York : Longman.

Siddhu, K. S. (1984) : Methodology of Research in Education. New Delhi : sterling publisher pvt. Ltd.

ઉચાટ, દિનેશચંદ્ર એ. (2004) : માહિતી પર સંશોધન વ્યવહાર. રાજકોટ : વાસુકિ પ્રિન્ટિંગ પ્રેસ.

દેસાઈ, ધનવંત, (1992) : શૈક્ષણિક આયોજન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.